# છેતરપીંડીના ગુનામાં શુકન સ્કાયના બિલ્ડરની ધરપકડ

## વેચાણ થી ચેલી ફ્લેટની સ્કીમ પર શુકન સ્કાયના બિલ્ડરોએ રૂ. ૩૨.૫૦ કરોડની લોન લઈ ચીટીંગ કરનાર ૧૦ સામે ફરિયાદ થઈ છે : પોલીસે ૧૪ દિવસના રીમાન્ડ માંગ્યા

ગાંધીનગર,તા.૨૭

કુડાસણ ખાતે શુકન સ્કાય નામની ફ્લેટની સ્કીમ બનાવ્યા બાદ તેના બિલ્ડરો એ ગ્રાહકોને ફ્લેટો વેચી માર્યા પછી આખી સ્કીમની જગ્યા પર રૂ.૩૨.૫૦ કરોડની લોન લઈ લેતા બિલ્ડરો સહીત ૧૦ જણા સામે એલ.સી.બીમાં છેતરપીડી અંગે શુકન સ્કાયના ફ્લેટ ધારકની ફરિયાદને આધારે ગુનો નોંધાયો છે. એલ.સી.બી પી.આઈ આશુતોષ પરમારે મુખ્ય સુત્રધાર બિલ્ડર રમેશ રેવા પટેલની ધરપકડ કરી લીધી છે અને વધુ પૂછપરછ માટે ૧૪ દિવસના રીમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગરને અડીને આવેલા કુડાસણ ખાતે સીટી પલ્સ થીયેટર પાસે શુકન ગ્રુપ દ્વારા તૈયાર કરવામાં આવેલી શુકન સ્કાય રેસીડેન્સી સ્કીમમાં બનેલા ૪૮૦ મકાનો પૈકી ૪૩૦ જેટલા મકાનોના બુકિંગ બાદ ગ્રાહકોને પઝેશન પણ આપી દેવાયા છે.જેમાં બેંક ક્લીયરન્સ થી માંડીને તમામ જરૂરી પુરાવાઓ સોંપી દેવાયા હતા. તે દરમ્યાન શુકન સ્કાય ગ્રુપ ના ભાગીદાર રમેશ રેવાભાઈ પટેલ તથા ભારત રણછોડભાઈ પટેલ દ્વારા આ સ્કીમ પર કોઈ પણ રીતે એસ.બી.આઈ બેંક પાસેથી વર્ષ ૨૦૧૨ માં રૂ.૩૨.૫૦ કરોડ ની લોન ઉપાડી લેવામાં આવી હોવાનું ધ્યાને આવતા તમામ ફ્લેટ ધારકો બિલ્ડર રમેશ પટેલ પાસે ગયા હતા.તે સમયે તમામ ને ધમકાવીને કાઢી મુક્યા હતા.શુકન સ્કાયના ફ્લેટ માલિક રશ્મીકાંત રજનીકાંત બારોટે આ મામલે સીટ, એલ.સી.બી, ગાંધીનગર એસ.પી તથા સ્થાનિક પી.આઈ ને ફરિયાદ કરી હતી. જેને પગલે આ -કરણમાં ભાગીદાર રમેશ રેવાભાઈ પટેલ, રોમિલ રમેશ પટેલ, ભાનુબેન રમેશભાઈ પટેલ, ધીરેન -હલાદ પટેલ, ભારત રણછોડ પટેલ, નટવર નાથાલાલ પટેલ તથા ગેરકાયદે લોન પાસ કરનાર બેંક અધિકારી સહીત ૧૦ જણા સામે છેતરપીડી અને વિશ્વાસઘાત નો ગુનો નોંધી એલ.સી.બી એ તપાસ શરુ કરી છે. દરમ્યાન મુખ્ય સુત્રધાર બિલ્ડર રમેશ રેવા પટેલની એલ.સી.બી ની ટીમે ધરપકડ કરી લીધી છે. ઝીણવટભરી તપાસ માટે ૧૪ દિવસના રીમાન્ડની માંગણી કોર્ટ સમક્ષ કરવા પોલીસે તજવીજ શરુ કરી છે.

# ઘ-૩ સર્કલે રામદેવનું પુતળુ દહન કરનાર સાત કાર્યકરોની ધરપકડ

## કોંગ્રેસના કાર્યકરોએ સુત્રોચ્ચાર કરીનો પોલીસની મંજુરી વિના રેલી કાઢી હતી



ગાંધીનગર,તા.૨૭

યોગગુરુ બાબા રામદેવએ રાહુલ ગાંધી સામે કરેલા વિવાદાસ્પદ નિવેદન બાદ દેશભરમાં વિરોધ -દર્શન શરુ થઈ ગયા છે ત્યારે આજે ગાંધીનગર શહેરના ઘ-૩ સર્કલે કોંગ્રેસ અને એન. એસ. યુ. આઈના કાર્યકરો દ્વારા રામદેવનું પુતળું દહન કરી રેલી નીકળવામાં આવતા સાત કાર્યકરો સામે જીલ્લા કલેક્ટરના જાહેરનામાં ભંગનો ગુનો દાખલ કરીને સાતેયની ધરપકડ કરી લેવામાં આવી છે.

ગાંધીનગર જીલ્લાના વિવિધ વિસ્તારમાં કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ દ્વારા વિવાદાસ્પદ નિવેદન કરનાર બાબા રામદેવ સામે વિરોધ -દર્શન કરવામાં આવ્યા હતા. કલોલ માં એન.એસ. યુ.આઈ એ વિરોધ કર્યો હતો. બપોરે ગાંધીનગરમાં ઘ-૩ સર્કલે કોંગ્રેસના કાર્યકરોએ રામદેવ સામે વિરોધ -દર્શન કરવા ધરણા યોજીને રેલી કાઢી પોલીસની મંજૂરી વિના નારાબાજી કરીને રામદેવના પુતળાનું દહન કર્યું હતી. જેને પગલે પી. એસ. આઈ વી. યુ. ગડરિયાએ ચીમનભાઈ વિંઝુડા, કનુભાઈ પરમાર, ચંદુભાઈ વર્મા, જીવણભાઈ સિંધવ, જયેશભાઈ આગજા, પરષોત્તમ સુશીલ અને મહેન્દ્ર શ્રીમાળી મળીને સાત કાર્યકરો સામે જીલ્લા કલેકટરના જાહેરનામાં ભંગનો ગુનો નોંધીને સાતેયની ધરપકડ કરી લીધી છે.

# ચિલોડા સર્કલેથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી સેન્ટ્રો ઝડપાઈ

## ૩.૬૪ લાખના મુદ્દામાલ સાથે રાજસ્થાનના બુટલેગરની ધરપકડ : ચૂંટણીમાં રેલમછેલ કરવા જથ્થો લઈ જવાતો હોવાની શક્યતા

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલેથી વિદેશી દારૂ ભરેલી સેન્ટ્રો કારને નાકાબંધી દરમ્યાન ચિલોડા પોલીસ અને એલ.સી.બી પોલીસે સંયુક્ત રીતે પકડી પડી હતી. ચુંટણીમાં રેલમછેલ કરવા માટે દારૂ લઈ જવાઈ રહ્યો હોવાની શક્યતાને પગલે રાજસ્થાનના પકડાયેલા બુટલેગરની પોલીસે ડી પૂછપરછ હાથ ધરી છે. ૨૧૬ નંગ વિદેશી દારૂની બોટલો સહીત રૂ.૩.૬૪ લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કરીને રાજસ્થાનના બુટલેગરની ધરપકડ કરી લીધી છે.

ચિલોડા સર્કલ પાસે ગાંધીનગર એલ.સી.બી પોલીસ અને ચિલોડા પોલીસની ટીમ નાકાબંધી પર હતી ત્યારે આજે બપોરે સવા બે વાગ્યાના અરસામાં નીકળેલી આર.જે. ૨૭.સી.સી. ૪૫૬૦ નંબરની સેન્ટ્રો કારમાં ચેકિંગ કરતા તેમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો.કારમાંથી ૨૧૬ નંગ વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો મળી આવી હતી. પોલીસે રૂ.૬૪,૮૦૦ની કિંમતનો વિદેશી દારૂ અને કાર મળીને કુલ રૂ.૩,૬૪,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને હેરાફેરી કરતા પકડાઈ ગયેલા રાજસ્થાન ઉદેપુરના બુટલેગર રણછોડ લાલારામ ગામેતીની ધરપકડ કરી લીધી છે.ચુંટણીમાં રેલમછેલ કરવા માલ લઈ જવાતો હોવાની શક્યતાને પગલે પોલીસે પકડાયેલા શખ્સની ઝીણવટભરી તપાસ આરંભી છે.

# લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર યોગ્ય ન લાગે તો નોટોનો વિકલ્પ પસંદ કરજો : મહામંડળ

## જ્યોતિ મહિલામંડળ અને શહેર વસાહત મહામંડળ દ્વારા નગરજનોને મતદાન અચૂક કરવા અપીલ કરાઈ

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યમાં લોકસભાની ચૂંટણીના મતદાન આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. નેતાઓ મતદાતાઓને રીઝવવા એડીચોંટીનું જોર લગાવી રહ્યા છે. મતદારોને ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા પોતાના મતનું મહત્વ સમજી યોગ્ય ઉમેદવારને મત આપવા અપીલ કરવામાં આવી છે. તેમજ ઉમેદવાર યોગ્ય ન લાગે તો નોટોનો ઉપયોગ કરવા જણાવ્યું છે.

દેશમાં ૧૬મી લોકસભાની ચૂંટણીના છ તબક્કા પૂર્ણ થઈ ગયા છે. અને સાતમા તબક્કાની ચૂંટણીને આડે ગણતરીના દિવસો બાકી છે. આ તબક્કામાં ગુજરાતની ૨૬ બેઠકો માટે ચૂંટણી યોજવામાં આવનાર છે. ત્યારે રાજકીય પક્ષોના ઉમેદારો મતદારો પાસે મત માગવા ધોમધખતા તાપમાં પરસેવો પાડી રહ્યા છે.

ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા ગાંધીનગર બેઠકના અને રાજ્યના મતદારોને અપીલ કરવામાં આવી છે કે લોકશાહીના પ્રાણને પ્રાણ પુરવા અને મતદાતાનો અવાજ લોકતંત્રમાં પહોંચાડવા માટે આ સોનેરી તક છે ત્યારે નગરના શાણા અને સમજુ મતદારોને પોતાના મતનો ઉપયોગ કરવા અને યોગ્ય ઉમેદવારોને પસંદ કરવા જણાવ્યું છે.

જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી, ચેતના બુચ, પુષ્પાબેન મહેતાએ જણાવ્યું છે કે દેશમાં પહેલી વખત નોટા (નન ઓફ ધ અબોવ) નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ત્યારે મતદાતાને ચૂંટણી લડતા કોઈપણ ઉમેદવાર યોગ્ય ન લાગે તો નોટાનો વિકલ્પ પસંદ કરવો. પરંતુ મતદાન અવશ્ય કરવું.

ગુજરાતમાં આગામી ૩૦ એપ્રિલના રોજ ગુજરાતની ૨૬ બેઠકો પર ચૂંટણી યોજાશે. ત્યારે ગાંધીનગર મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, મયુર વ્યાસ, સુધીર દેસાઈ સહિતના આગેવાનોએ મતદારોને મોટી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી છે.

# રાજયના મલ્ટીપ્લેકસમાં ખાણીપીણીની ચીજવસ્તુઓના બમણા વસુલાતા ભાવ

## પ્રજાજનોની મનોરંજનવૃત્તિનો ગેરફાયદો ઉઠાવતા સંચાલકો, સરકારી તંત્ર જાણીને અજાણ બની રહ્યું છે

ગાંધીનગર, તા. ૨૭

રાજયના લગભગ દરેક શહેરમાં મલ્ટીપ્લેક્સ સિનેમાઘરો તમામ સુવિધાઓ સાથે સજ્જ બની સિનેમા રસીકોને આકર્ષી રહ્યા છે. પરંતુ આ સિનેમા ઘરોમાં દર્શાવાતા મુવીની ટીકીટોમાં મનોરંજનકરનો ઉમેરો થતા મોંઘી બની છે જેમાં સિનેમાઘરો ખાણીપીણીની ચિજવસ્તુઓના ગ્રાહકો પાસેથી બમણા ભાવ વસુલાતા સિનેમારસીકો બેવડો માર સહન કરી મનોરંજન માણી રહ્યા છે. જો કે આ અંગે રાજ્યના તંત્રની કોઈ જ ભુમિકા ન રહેતા લોકોમાં અંધેરતંત્ર તરફી ફીટકાર વરસી રહ્યો છે.

ગુજરાતની કલાપ્રિય પ્રજાજનની મજબુરીનો સિધો ગેરલાભ હાલ સિનેમા સંચાલકો ઉઠાવી રહ્યા હોવાનું તેમના સિનેમાઘરોમાં પ્રજાજનો પાસેથી વસુલાતા ભાવ ઉપરથી લાગી રહ્યું છે. રાજ્યમાં મલ્ટીપ્લેક્સ સિનેમા ઘરોમાં અત્યાનિધિક સાઉન્ડ સીસ્ટમ, બેઠક વ્યવસ્થા અને અન્ય સુવિધાથી સિનેમા રસીકો સંતુષ્ઠ બન્યા છે પરંતુ જે અંગેનો મનોરંજન કર ચુકવી લાભ લેતા હોવાનું બન્યું છે. આ જ સિનેમાઘરોમાં પીક્ચર જોવા જતાં લોકોને સિનેમાઘરમાં ખાણીપીણીની કોઈ પણ ચિજ બહારથી લઈ જવાની સખત મનાઈ ફરમાવવામાં આવે છે. જ્યારે અંદર જ ઉભા કરાયેલા ખાણીપીણી સ્ટોલ્સમાંથી ફરજીયાત ખરીદી કરવા મજબૂર બનવું પડે તેવા સંજોગો ઉભા કરાયા છે. જેમાં આ ચીજવસ્તુઓના ભાવ બમણાથી વધુ લેતાં હોવાની બુમરાણ છે અને જે તમામ લોકો જાણે પણ છે.

પોપકોર્ન, ઠંડાપીણા, વેફર, ગરમનાસ્તા, તથા પાણીની બોટલ વગેરેમાં બહારથી મળતી ચિજવસ્તુઓના ભાવ કરતાં બમણા ભાવ વસુલાઈ રહ્યા છે. નાના બાળકો કે અનિવાર્ય સંજોગોમાં ખરીદી કરતા સિનેમા રસીકો મજબુરીમાં બમણા ભાવ ચુકવી પણ દેતા હોય છે. જો કે રાજ્યનું અંધેર તંત્ર સૌ બાબતથી વાકેફ હોવા છતાં કોઈ જ કાર્યવાહી ન કરતા લોકોમાં છુપો રોષ જોવા મળી રહ્યો છે. ગુજરાતની પ્રજાજનોની મનોરંજન પ્રવૃત્તિના ઓથા હેઠળ ચલાવાઈ રહેલા આ ગેરકાયદેસર ધંધા ઉપર લગામ લગાવાય તેવી માંગ ઉઠી છે.

# ગાંધીનગર જિલ્લામાંથી વધુ બે બુટલેગરો તડીપાર કરાયા

## છ મહિના માટે તડીપાર ચિલોડા અને સે-૧૭ના બુટલેગરને પોલીસ અમદાવાદ છોડી આવી

ગાંધીનગર,તા.૨૭

લોકસભા ચુંટણીને પગલે પાસા અને તડીપારના વોરંટની બજવણી તેજ બનાવી પોલીસ અસામાજિક તત્વોને જીલ્લા બહાર મોકલી રહી છે. તાજેતરમાં એક ચીલોડાના માથાભારે શખ્સને તડીપાર કરવામાં આવ્યો હતો.ત્યાર બાદ આજે વધુ બે બુટલેગરોને જીલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યા છે. ગાંધીનગર પોલીસે કરેલી તડીપારની દરખાસ્તને મંજૂરી મળતા આજે એલ.સી.બી ની ટીમેં બે બુટલેગરોને જીલ્લામાંથી તડીપાર કર્યા છે. ચીલોડાના હિતેશ જગદીશ પરમાર અને સે.૧૭ માં રહેતા રણજીત રામાજી ઠાકોર બંને બુટલેગરોને ગાંધીનગર જીલ્લામાંથી છ મહિના માટે તડીપાર કરી પોલીસ અમદાવાદના અલગ અલગ વિસ્તારમાં બંને બુટલેગરોને છોડી આવી છે.

## જન્મકુંડળીમાં કેન્દ્ર સ્થાને ગુરુ હોવાથી

# ‘ગજકેસરી’ નામનો અતિશુભયોગ મોદીને વડાપ્રધાનની ગાદી અપાવશે

ગાંધીનગર, તા. ૨૭

મોડી વડાપ્રધાન બનશે કે નહીં તે ચર્ચા હાલ ચોરે અને ચોકઠે ચર્ચાઈ રહી છે ત્યારે નરેન્દ્ર મોદીની જન્મકુંડળીનો ઝીણવટભર્યો અભ્યાસ કરીને ગાંધીનગરના યુવા જયોતિષ આચાર્યે આગાહી કરી છે કે વર્તમાન સમયના ગ્રહો અને મોદીની કુંડળીના ગ્રહ જોતા ભાજપને ૨૬૫ થી ૩૦૦ બેઠકો સાથે બહુમતી મળશે. એટલું જ નહીં નરેન્દ્ર મોદીની જન્મકુંડળીમાં કેન્દ્ર સ્થાને ગુરુ હોવાથી ગજકેસરી નામો અતિશુભ યોગ ઉભો થયો છે જે નરેન્દ્ર મોદીને વડાપ્રધાનની ગાદી ચોકકસ પણે અપાવશે. આ સાથે ભગવાન શ્રી રામે અયોધ્યાની ગાદી સંભાળી તે વખતે જે રૂચક યોગ હતો તેવો દુર્લભ યોગ નરેન્દ્ર મોદીના દશમાં સ્થાને સશકત રીતે હોવાના કારણે દુશ્મનોની શકિત આપોઆપ ઓછી થઈ જાય છે.




**ભગવાન રામ અયોધ્યાના રાજા બન્યા ત્યારે જે રાજયોગ હતો તે ‘રૂચક’ હાલ નરેન્દ્ર મોદીના દશમાં સ્થાને સશકત છે**

સૌથી મોટા લોકશાહી દેશ ભારતની લોકસભાની સામાન્ય ચૂંટણીઓ વિવિધ તબક્કાઓમાં ચાલી રહી છે ત્યારે આ લોકશાહી દેશના વડા પ્રધાનનો તાજ કોના શીરે જશે તે જાણવા માટે વિવિધ એજન્સીઓ દ્વારા સર્વે હાથ ધરાય છે તો બીજી બાજુ જયોતિષ શાસ્ત્ર ઉપર શ્રધ્ધા રાખનાર નેતાઓ કુંડળીના આધારે દેશના વડાપ્રધાનનું ભવિષ્ય નક્કી કરી રહ્યાં છે. આવી પરિસ્થિતિમાં ગાંધીનગર શહેરના સેકટર-૧૩માં રહેતા અને હસ્તરેખાના વિષયમાં પીએચડીની પદવી મેળવનાર ડૉ. હર્ષદ ચોકસીએ નરેન્દ્ર મોદીનો અને વર્તમાન સમયના ગ્રહોનો ખૂબ જ ઝીણવટપૂર્વકનો અભ્યાસ કર્યો છે. આ અભ્યાસના અંતે ડૉ. હર્ષદે વિશ્વાસ સાથે જણાવ્યું હતું કે, ભાજપને ૨૬૫ થી ૩૦૦ સુધીની બેઠકો મળશે અને ભાજપ બહુમતી સાથે સરકાર બનાવશે એટલું જ નહીં આ નવી સરકારમાં વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી ગાદી સંભાળશે.

નરેન્દ્ર મોદીની જન્મકુંડળીનો અભ્યાસ કરીને તેમણે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીની કુંડળીમાં ગજકેસરી નામનો અતિશુભ યોગ બને છે. ચંદ્રથી કેન્દ્ર સ્થાનમાં ગુરુ હોવાના કારણે આ ગેજકેસરી યોગ ઉત્પન્ન થાય છે જે નરેન્દ્ર મોદીને રાજયોગનું ફળ અપાવશે સાથે સાથે અયોધ્યાના રાજા બનતી વખતે જે રૂચક નામનો દુર્લભ યોગ ભગવાનશ્રી રામની કુંડળીમાં હતો તે જ દુર્લભ રૂચક યોગ હાલ નરેન્દ્ર મોદીની કુંડળીમાં દશમા સ્થાને સશકત રીતે બેઠો છે. આ યોગના કારણે દુશ્મનોની શકિત ઘટી જાય છે તો સાથે સાથે આ રૂચક યોગ વ્યકિતને અપાર ક્ષમતા, સામર્થ્ય, અનુભુતિ, અભિવ્યકિત તથા શકિત પ્રદાન કરે છે. જે હાલ નરેન્દ્ર મોદીમાં શકિત જોવા મળી રહી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૦
સૂર્યાસ્ત : ૭.૦૪

## તાપમાન

મહત્તમ : ૪૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૪ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૫ ટકા ● સાંજે ૧૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૩૦, ૧૦.૦૦
રીવોલ્વર રાની : ૧૨.૪૫, ૬.૪૫
: સ્ક્રીન-૩ :
સન ઓફ ગોડ (અંગ્રેજી) : ૪.૩૦, ૭.૦૦
કાંચી : ૯.૩૦
: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫
કાંચી : ૨.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૫ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૩૦, ૬.૩૦
રીવોલ્વર રાની : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
સમ્રાટ એન્ડ કો. : ૧૦.૦૦ ● કાંચી : ૧૦.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૩૦ ● રીવોલ્વર રાની : ૧૨.૧૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
કાંચી : ૧૦.૧૫, ૧.૨૫, ૪.૩૫, ૧૦.૨૫
સમ્રાટ એન્ડ કો. : ૭.૪૫
: સ્ક્રીન-૨ :
રીવોલ્વર રાની : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૫૦
ભૂતનાથ રીટર્ન : ૫.૧૦
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટસ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૯.૦૦, ૧૨.૦૦
૨ સ્ટેટસ્ : ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રીવોલ્વર રાની : ૧૦.૩૦, ૧.૩૦, ૧૦.૩૦
કાંચી : ૪.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
કાંચી : ૧૦.૧૫(સવારે), ૧૦.૧૫(રાત્રી)
સમ્રાટ એન્ડ કો. : ૧.૧૫, ૭.૧૫ ● રીવોલ્વર રાની : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટ્સ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧.૦૦, ૭.૦૦

## આપની આજ

**મેષ** : મનોકૂળ કાર્ય થવાનો યોગ. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. શારીરિક પીડામાંથી રાહત મેળવી શકાય.

**વૃષભ** : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છએ. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

**કર્ક** : માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**સિંહ** : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

**કન્યા** : કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

**તુલા** : નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે.

**ધન** : સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**મકર** : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર અર્થે નવા રોકાણો થઈ શકે છે.

**કુંભ** : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

**મીન** : આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

## ચિરવિદાય

● સ્વ. શંકરીબેન રામાભાઈ પ્રજાપતિ (ઉ.વ.૭૩) મુ.ઉવારસદ,તા.જી. ગાંધીનગર.